સર્વદા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો, સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાંતિ વિસ્તરો.

ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૩ | ૧૩ એપ્રિલ, ૨૦૨૦, સોમવાર; ચૈત્ર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

કોરોનાથી મુંબઈની બગડતી હાલત

ધારાવીમાં ૧૫ સહિત મુંબઈમાં ૧૧૩ કેસ : મહારાષ્ટ્રમાં કેસ સંખ્યા વધી ૧૮૦૦થી ઉપર : ધારાવીમાં કેસોમાં દોઢગણો વધારો થતાં સરકાર માટે ખતરાની ઘંટી



મુંબઈ, તા. ૧૨

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈ સહિતના મહારાષ્ટ્રમાં કોરોનાનો જોરદાર આતંક જારી રહ્યો છે. સમગ્ર મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ૧૮૦૦થી પણ ઉપર પહોંચી ચુકી છે. મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે. ૧૩૦થી વધુ લોકોના મોત મહારાષ્ટ્રમાં થઈ ચુકયા છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, મુંબઈના ધારાવી વસ્તીમાં કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. એક દિવસમાં દોઢ ગણા દર્દીઓ નોંધાઈ ગયા છે. ધારાવીમાં એક દિવસમાં જ દોઢ ગણા દર્દીઓ વધી જતાં ખતરાની ઘંટી વાગી ગઈ છે. હજુ સુધી ૪૩ લોકો અસરગ્રસ્ત થયા છે અને ચાર લોકોના મોત થઈ ચુકયા છે. ધારાવીમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૨૮થી વધીને સીધા ૪૩ ઉપર પહોંચી છે. ગઈકાલે ૮૦ વર્ષીય એક વૃદ્ધનું મોત થયું હતું. આની સાથે જ ધારાવીમાં ચારના મોત થઈ ચુકયા છે. ધારાવીમાં ચાર લોકોના મોત અને કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે વધારો થયા બાદ સમગ્ર વિસ્તારમાં બેરિકેડ લગાવી દેવામાં આવ્યા છે અને સેનેટાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. એક જ દિવસની અંદર કોરોનાના દર્દીઓની સંખ્યા ઝડપથી વધી

● અનુસંધાન પાન-૭ પર

મુંબઈની તાજ હોટલના ૬ કર્મચારીઓ કોરોના પોઝિટિવ

મુંબઈ,તા.૧૨

કોરોના સંક્રમણને કારણે દેશમાં સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્ય મહારાષ્ટ્રમાં લોકડાઉન ૩૦ એપ્રિલ સુધી લંબાવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે લોકડાઉન પાર્ટ -૨ હવે વધુ કડક બનશે. સંક્રમણ સાંકળ તોડવા માટે રાજ્યને ત્રણ ઝોનમાં વહેંચવામાં આવ્યું છે. દરમિયાન, દક્ષિણ મુંબઈની હોટલ તાજ મહલ પેલેસના ઓછામાં ઓછા છ કર્મચારીઓને કોરોનાનો ચેપ લાગ્યો છે. તાજ હોટલનું સંચાલન કરતી ભારતીય હોટલ કંપનીએ કર્મચારીઓમાં સંક્રમણની પુષ્ટિ કરી છે. જો કે, તેમણે સંખ્યા સ્પષ્ટ કરી નથી. શહેરમાં કોરોના સંક્રમણ સામે લડી રહેલા આરોગ્ય કર્મચારીઓ અને ડોકટરોને હોટલમાં રાખવામાં આવ્યા છે. તેમણે પોતાના ૫૦૦ કર્મચારીઓની તપાસ કરાવી છે. જેમાંથી શનિવારે સ્ટાફના ૬ જણાને સંક્રમણ થયું હોવાની વાત સામે આવી હતી.

સંક્રમણનો સામનો કરવા રાજ્ય સરકારે રેડ ઝોનમાં ૧૫થી વધુ દર્દીઓવાળા જિલ્લાઓને રાખ્યા છે. આનાથી ઓછા લોકો ઓરેન્જ ઝોનમાં મૂકવામાં આવે છે અને જ્યાં એક પણ દર્દી નથી તેને ગ્રીન ઝોનમાં રાખવામાં આવે છે. માનવામાં આવે છે કે આના આધારે આગામી લોકડાઉન માટે એક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે.

દેશમાં રોજના ૧૬૦૦૦થી વધુ ટેસ્ટ આજ સુધી ૧૮૬૯૦૬ સેમ્પલના ટેસ્ટ

માત્ર ૧૪ દિવસમાં જ કોરોનાના ૭૩૭૭ કેસ નોંધાયા : ટેસ્ટિંગ ગતિને અનેક ગણી કરી દેવાઈ : ટેસ્ટના ૪.૩ ટકા કેસ પોઝિટિવ રહ્યા

નવીદિલ્હી, તા. ૧૨

ભારતમાં કોરોના કેસોની ગતિ ચિંતાજનકરીતે વધી રહી છે. આજે આરોગ્ય મંત્રાલય તરફથી જે

આંકડા આપવામાં આવ્યા તે મુજબ છેલ્લા ૧૪ દિવસના ગાળામાં જ ભારતમાં ૭૩૭૭ કેસો સપાટી ઉપર આવ્યા છે જે ખતરનાક સ્થિતિનો સંકેત આપે છે. ૨૯મી માર્ચના દિવસે ૯૭૯ કેસ હતા જેની સામે રવિવારે કેસોની સંખ્યા ૮૩૫૬ ઉપર સત્તાવારરીતે પહોંચી હતી. આરોગ્ય મંત્રાલય દ્વારા આજે કોરોનાની સ્થિતિના સંદર્ભમાં પુરતી માહિતી આપી હતી. બીજી બાજુ આઈસીએમઆર દ્વારા પણ કહેવામાં આવ્યું હતું કે, હજુ સુધી ૧૮૬૯૦૬ સેમ્પલના ટેસ્ટ કરવામાં આવી ચુકયા છે જે પૈકી ૪.૩ ટકા પોઝિટિવ આવ્યા છે. આરોગ્ય મંત્રાલયના સંયુક્ત સચિવ લવ અગ્રવાલે માહિતી આપતા કહ્યું છે કે, આ પરેશાનીથી સમગ્ર દુનિયા પરેશાન છે. અમારી શરૂઆતથી જ યોજના અને પ્રયાસો એડવાન્સ એક્શન પર રહ્યા છે. અમે તૈયારીઓના મામલામાં આ ખતરનાક વાયરસથી એક પગલુ આગળ ચાલી રહ્યા છે. તમામ લોકો સહકાર આપે તે ખુબ જરૂરી છે. આ લડાઈમાં સરકારના તમામ અંગો અને પ્રાઈવેટ સેક્ટર સામેલ છે. સૌથી મહત્વપૂર્ણ બાબત સામાન્ય લોકોનો સહકાર છે. સોશિયલ ડિસ્ટેન્સિંગ ખુબ મહત્વપૂર્ણ બાબત છે. આરોગ્ય મંત્રાલય દ્વારા છેલ્લા ૨૪ કલાકના આંકડા રજૂ કરવામાં આવ્યા હતા. મંત્રાલય મુજબ હજુ સુધી ૮૩૫૬ કોરોના પોઝિટિવ કેસ મળ્યા છે. ૨૪ કલાકમાં ૯૦૯થી વધુ મામલા સપાટી ઉપર આવ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં જ આ વાયરસના કારણે ૩૪ લોકોએ દમ તોડી દીધો છે. પોઝિટિવ સમાચાર એ છે કે, હજુ સુધી ૭૧૬ લોકો આ ખતરનાક વાયરસથી રાહત મેળવી ચુકયા છે અને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે.

કોરોના અપડેટ્સ

ક્યાં	કેસ	મૃત્યુ	રિકવર
વિશ્વ	૧૮૧૦૮૪૬	૧૧૨૨૨૩	૮૩૯૩૧૩
ભારત	૯૧૭૪	૩૨૫	૧૦૭૩
ગુજરાત	૫૧૬	૨૫	૪૪
ગાંધીનગર	૧૫	૦૧	૦૬

ભારતમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૧૦૦૦૦ની નજીક પહોંચી

મહારાષ્ટ્રમાં ૧૯૮૨, તમિળનાડુમાં ૧૦૭૫થી વધુ કેસો : રાજસ્થાનમાં કેસોની સંખ્યા વધીને ૭૯૬ પર પહોંચી : તમિળનાડુમાં તબલીગી જમાતના કારણે ૯૭૧ લોકોને કોરોના વાયરસની અસર થતાં ભારે હાહાકાર

નવી દિલ્હી, તા.૧૨

ભારતના કોરોનાના કેસોમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. ભારતમાં કુલ કેસોની સંખ્યા વધીને ૧૦૦૦૦ની નજીક પહોંચી ગઈ છે. આજે છેલ્લા સમાચાર મુજબ કેસની સંખ્યા ભારતમાં ૯૦૦૦થી ઉપર પહોંચી હતી જ્યારે મોતનો આંકડો વધીને ૨૮૦થી ઉપર પહોંચી ગયો છે. આજે મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ૧૯૮૨થી ઉપર પહોંચી હતી જ્યારે ગુજરાતમાં કેસોની સંખ્યા ૫૧૬થી ઉપર પહોંચી છે. તમિળનાડુમાં કેસોની સંખ્યા ૧૦૭૫ ઉપર પહોંચી છે. સૌથી મોટી બાબત એ છે કે, સિંગલ સોર્સ એટલે કે તબલીગી જમાતના લીધે જ ૯૭૧ લોકો કોરોના પોઝિટિવ તમિળનાડુમાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

છેલ્લે... છેલ્લે...

- વડોદરામાં મોડી સાંજે કોરોનાગ્રસ્ત દર્દીનું મૃત્યુ થતાં ગુજરાતનો મૃત્યુઆંક ૨૫ પર પહોંચ્યો.
- અમદાવાદમાં મોડી સાંજે શાહઆલમ મિલ્લતનગર મીરા રોડ તથા રસુલાબાદ વિસ્તારમાં રહીશોએ ધાબા અને ગેલેરીમાંથી પોલીસ અધિકારીઓ પર ફુલ વર્ષા કરી.
- ભાવનગરમાં ચાર વર્ષની બાળકીનું પોઝિટીવ આવતા માતા-પિતા પર પોલીસ ફરિયાદ નોંધાઈ. બેદરકારી દાખવવાની નોંધ કરાઈ છે.
- બ્રિટનના પ્રધાનમંત્રી મોરીસ જોન્સનને હૉસ્પિટલમાંથી રજા અપાઈ.
- કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીને કોરોના પોઝિટીવ જાહેર કરાયા.
- રાજકોટ અને વડોદરામાં પણ માસ્ક પહેરવાનું ફરજિયાત બનાવાયું.
- ભારતે વૈશ્વિક મહામારીને પહોંચી વળવા દુનિયાને ૧૩ દેશોને હાઈડ્રોક્સિ ક્લોરોફિનનો જથ્થો પહોંચાડ્યો.
- ઉત્તર પ્રદેશમાં જમાતીઓ પર એક્શન લેવાની શરૂઆત કરાઈ : ૧૭ને જેલમાં મોકલાયા.
- પંજાબ પોલીસ પર ભીડ દ્વારા હુમલો કરાયો. એક પોલીસકર્મીનું તલવારથી હાથ કાપ્યો અને બેને ગંભીર રીતે ઘાયલ કરાયા.
- દેશમાં કોલેજોમાં ૧૬મી એપ્રીલથી ૩૦મી મે સુધી ઉનાળુ વેકેશન જાહેર કરાયું. વેકેશન બાદ પરીક્ષાઓ લેવાશે.
- દેશના સૌથી વધુ કેસ ધરાવતા પાંચ રાજ્યો

મહારાષ્ટ્ર	૧૯૮૨
દિલ્લી	૧૧૫૪
તામિલનાડુ	૧૦૭૫
રાજસ્થાન	૮૦૪
મધ્યપ્રદેશ	૫૬૨
ગુજરાત	૫૧૬
તેલંગણા	૫૦૩

વિશ્વમાં કોરોના બેકાબૂ

કેસોની સંખ્યા ૧૮ લાખથી ઉપર પહોંચી : ૫૦૦૦૦થી વધુ હજુ પણ ગંભીર હાલતમાં : ચીનમાં કોરોના વાયરસની બીજી લહેર શરૂ થઇ હોવાના અહેવાલ : એક સાથે ૧૦૦ કેસો સપાટીએ આવતા ચિંતા

નવી દિલ્હી,તા. ૧૨

કોરોના વાયરસનો આતંક યથાવતરીતે જારી રહ્યો છે. ૨૧૦થી વધુ દેશોમાં નવા દસ

હજારથી વધારે કેસોની સાથે વિશ્વમાં કુલ કેસોની સંખ્યા વધીને ૧૭ લાખ કરતા પણ વધારે પહોંચી ગઈ છે. વિશ્વમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા આજે વધીને ૧૭૯૦૨૩૮ થઈ ગઈ છે. જ્યારે મોતનો આંકડો વધીને ૧૦૯૬૫૪ થઈ ગયો છે. સ્થિતી કેટલી ખતરનાક છે તેનો અંદાજ આ બાબતતી જ લગાવી શકાય છે કે હજુ પણ ૫૦૫૪૯ લોકો ગંભીર હાલતમાં છે. આવી સ્થિતીમાં મોતનો આંકડો ખુબ વધે તેવા સંકેત છે. ભારતમાં પણ કેસોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. અમેરિકા સ્પેન, જર્મની, ઈટાલીમાં હાલત ખરાબ થયેલી છે. દુનિયાના દેશો તેની સામે લડી રહ્યા છે પરંતુ કોરોનાના કારણે કેસો અને મોતના આંકડા પર અંકુશ મુકવામાં સફળતા મળી રહી નથી. હાલમાં વિશ્વમાં આશરે ત્રણ અબજ લોકો લોકડાઉનમાં જીવન ગાળી રહ્યા છે. કોરોના વાયરસનો આ આંકડો દરિયામાં પાણીની એક

● અનુસંધાન પાન-૭ પર

અમેરિકામાં ટ્રમ્પે રાષ્ટ્રીય ઈમર્જન્સીની જાહેરાત કરી

વિશ્વના તમામ દેશો કરતા અમેરિકા પોઝિટિવ કેસ અને મૃત્યુઆંક વધારે નોંધાઈ છે. અમેરિકામાં ૫ લાખ ૩૨ હજાર ૮૭૯ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૨૦ હજાર ૫૭૭ લોકોના મોત થયા છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૯૨૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. કોરોના વાઈરસના વધતા સંક્રમણને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રાષ્ટ્રીય ઈમરજન્સીની જાહેરાત કરી છે.

સરહદ પર પાકિસ્તાનની નાપાક હરકત : પાંચ પાક સૈનિકોના મોત

સતત ત્રણ દિવસથી સરહદ પર ગોળીબારની રમઝટ : ઠાર મરાયેલ પાકિસ્તાની આતંકવાદીઓ પાસેથી હથિયારો કબજે કરાયા : ત્રાસવાદીઓ માટે ખાસ વસ્ત્રો બનાવાયા

નવી દિલ્હી, તા. ૧૨

પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરના નિલમ ખીણમાં ભારે નુકસાનથી હચમચી ઉઠેલી પાકિસ્તાની સેનાએ આજે એલઓસી પર બાલાકોટ, શાહપુર, કિરની અને મેંઢર વિસ્તારમાં ભારે ગોળીબાર કર્યો હતો જેમાં એક જવાન અને એક મહિલાને ઈજા થઈ છે. કેટલાક મકાનોને નુકસાન પણ થયું છે. ભારતની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે. તેની અનેક ચોકીઓને ફૂંકી મારવામાં આવી છે. પાકિસ્તાનના પાંચ સૈનિકો પણ માર્યા ગયા છે. ભારે ગોળીબારના પરિણામ સ્વરુપે એલઓસીના નિવાસી વિસ્તારોમાં દહેશત ફેલાઈ ગઈ છે.

ગોળીબારના પરિણામ સ્વરુપે લોકો ઘરમાં રહેવા

● અનુસંધાન પાન-૭ પર